આઝાદી કા અમૃત મહોત્સવ

FIT INDIA

# જિલ્લા રમતગમત અધિકારીની કચેરી-સુરત શહેર

Tel.Phone :- ૦૨૬૧-૨૪૬૫૮૦૮

DSO MO.-9574678401

E-mail :- dsosuratcity35@gmail.com

ક્રમાંક/જરગઅ/ /૨૦૨૨-૨૩

જુની સિવિલ કોર્ટ બિલ્ડીંગ, પહેલો માળ,

બહુમાળી ભવન, નાનપુરા,સુરત-૩૯૫૦૦૧

તા.૨૯/૧૨/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,માધ્યમિક /ઉચ્ચતર માધ્યમિકશાળાઓ તમામ, સુરત શહેર/ ગ્રામ્ય
કલા સંસ્થાઓ/તાલીમ સંસ્થાઓ/મંડળો તમામ, સુરત શહેર/ ગ્રામ્ય
જિલ્લો સુરત.

વિષય: જિલ્લાકક્ષા શ્રી અરવિંદ ઘોષની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી અંતર્ગત વકતૃત્વ,નિબંધલેખન,ચિત્રકલાસ્પર્ધા ૨૦૨૨-૨૩માં ભાગ લેવા બાબત.

સંદર્ભ: કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગરના ક્રમાંક:યસપ/ઉજવ/૨૦૨૨-૨૩/ગ-૭૫૪૩૭-૭૫૫૦૭, તા:૨૧/૧૨/૨૦૨૨ના પત્ર અન્વયે.

શ્રીમાન,

સવિનય ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગર હસ્તકની જિલ્લા યુવા વિકાસ અધિકારી અને જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, સુરત દ્વારા જિલ્લાકક્ષા શ્રી અરવિંદ ઘોષની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી અંતર્ગત વકતૃત્વ, નિબંધલેખન, ચિત્રકલા સ્પર્ધા ૨૦૨૨-૨૩નું આયોજન જાન્યુઆરી -૨૦૨૩ માસ માં કરવાનું નક્કી કરેલ છે. આ સ્પર્ધામાં ભાગ લેવા માંગતી શાળા/સંસ્થાઓએ તા:૧૦/૦૧/૨૦૨૩ના રોજ બપોરે ૧૨.૦૦કલાક સુધીમાં જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, પ્રથમ માળ,જુની સિવિલ કોર્ટ બિલ્ડીંગ.બહુમાળી,નાનપુરા સુરત ખાતે સ્પર્ધકનું પુરૂ નામ, સ્પર્ધાનું નામ-વિભાગ, જન્મતારીખ, સંપર્ક નંબર, શાળાનું નામ-સરનામું, શાળાનો સંપર્ક નંબર દર્શાવતું પ્રવેશપત્ર મોકલી આપવાનું રહેશે. પ્રવેશપત્ર આવેલ હશે તે જ વ્યક્તિગત સ્પર્ધકો / સંસ્થાઓને જ સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે, સ્પર્ધા તારીખ અને સ્થળ અંગે જાણ કરવામાં આવશે. જેની નોંધ લેવા વિનંતી. વધુ માહિતી માટે જિલ્લા રમત ગમત કચેરી, સુરત નો સંપર્ક કરવા વિનંતી.
તમામ સ્પર્ધાઓ માટેની કટ ઓફ ડેટ તા:૩૧/૧૨/૨૦૨૨ના આધારે વયજુથની ગણતરી કરવાની રહેશે.

- જિલ્લાકક્ષા શ્રી અરવિંદ ઘોષની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી અંતર્ગત વકતૃત્વ, નિબંધલેખન, ચિત્રકલા સ્પર્ધા:
  (1) અ વિભાગ- ૧૫ થી ૧૯ વર્ષસુધીના (૧૫વર્ષથી ઓછી અને ૧૯ વર્ષથી વધુ ઉંમરનું હોવું જોઈએ નહિ)
  (2) બ વિભાગ–૧૯ વર્ષથી ઉપરના અને ૩૫ વર્ષ સુધીના (૩૫ વર્ષથી વધુ ઉંમરનું હોવું જોઈએ નહિ)

ખાસ નોંધ : (1)તા:૩૧/૧૨/૨૦૨૨ના રોજ થતી ઉંમર ધ્યાનમાં લેવાશે.

અ અને બ વિભાગમાં (1) વકતૃત્વ (2) નિબંધલેખન (3) ચિત્રકલા જિલ્લાકક્ષા,રાજ્યકક્ષા સુધી યોજાશે.

જિલ્લાકક્ષા અને રાજ્યકક્ષાના પ્રથમઅને દ્વિતિય,તૃતિય નંબરના વિજેતા સ્પર્ધકોને પ્રમાણપત્ર આપવામાં આવશે.

જિલ્લા યુવા વિકાસ અધિકારી
સુરત

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત

બિડાણ: ઉપરોક્ત સ્પર્ધાઓ અંગેની વિગતવાર માહિતી અને ફોર્મ આ સાથે સામેલ છે, જેનો અભ્યાસ કરી એન્ટ્રી મોકલવી.

સવિનય નકલ રવાના:

- માન.કમિશ્નરશ્રી,યુ.સે.અને સાં.પ્ર. ગાંધીનગર
- માન. કમિશ્નરશ્રી મ.ન.પા. સુરત
- માન.કલેકટરશ્રી, સુરત
- માન.જિલ્લા વિકાસ અધિકારીશ્રી,સુરત
- માન.જિલ્લા પોલિસ અધિક્ષકશ્રી,સુરત

Azadi Ka Amrit Mahotsav

# શ્રી અરવિંદ ઘોષની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી અંતર્ગત

## જિલ્લા કક્ષા સ્પર્ધા માટેનું અરજી પત્રક

### જિલ્લો :- સુરત શહેર / સુરત ગ્રામ્ય

(૧) સ્પર્ધકનું નામ : ............................................................................................જાતિ : સ્ત્રી / પુરુષ / અન્ય

(૨) શાળા/કોલેજનું નામ :- ..............................................................................................................

સરનામું :- ............................................................,..................................................

(૩) ઘરનું સરનામું : .......................................................................................................

(૪) જન્મ તારીખ : ......../........../............ (૫) ઉંમર:-.........વર્ષ.........મહિના.........દિવસ (૬) ધોરણ.......

(૭) આધાર કાર્ડ નંબર : .........................................(૮) ઇ-મેઈલ :.................................................

(૯) આચાર્ય/શિક્ષકનો મોબાઈલ નંબર : ............................ (૧૦) મો. નંબર(સ્પર્ધક): .............................

- સ્પર્ધકે ગમે તે એક જ સ્પર્ધામાં ભાગ લેવાનો રહેશે અને પસંદ કરી (√) નિશાની કરવી.

| વિભાગ | ઉંમર - વય મર્યાદા (૩૧/૧૨/૨૦૨૨ ને ધ્યાને રાખવી) | (√) નિશાની કરવા માટે | કૃતિનું નામ | (√) નિશાની કરવા માટે |
|---|---|---|---|---|
| અ | ૧૫ વર્ષથી ઉપરના ૧૯ વર્ષ સુધીના<br>તા.૦૧/૦૧/૨૦૦૪ થી તા.૩૧/૧૨/૨૦૦૭ વચ્ચે જન્મેલા) | | વક્તૃત્વ | |
| બ | ૧૯ વર્ષ ઉપરના અને ૩૫ વર્ષ સુધીના<br>તા.૦૧/૦૧/૧૯૮૮ થી તા.૩૧/૧૨/૨૦૦૩ વચ્ચે જન્મેલા) | | નિબંધ લેખન | |
| | | | ચિત્રકલા | |

- નિયમો :-
- આ ફોર્મ સાથે સ્પર્ધકે આધારકાર્ડની ઝેરોક્ષ ફરજીયાત જોડવાની રહેશે.
- સ્પર્ધાના નીતિ નિયમો કલા મહાકુંભ મુજબના રહેશે.
- નિયમો અને શરતોનો ભંગ કરનાર સ્પર્ધકને સ્પર્ધામાંથી ડીસ્કવોલીફાઈ કરવામાં આવશે.
- નિર્ણાયકશ્રીનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે, જે અંગેની હું બાંહેધરી આપુ છું.
- ફોર્મ સંપુર્ણ વિગતો ભરી જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, જુની સિવિલ કોર્ટ બિલ્ડીંગ, પહેલો માળ, બહુમાળી ભવન, નાનપુરા ખાતે તા.૧૦/૦૧/૨૦૨૩ બપોરે ૧૨-૦૦ કલાક સુધીમાં જમા કરાવવાનું રહેશે.

_______________ સ્પર્ધકની સહી

_______________ શાળા/સંસ્થાના સહી/સિક્કા

# સ્પર્ધા માટેના નિયમો

(૧) વકૃત્વ સ્પર્ધા :-

- સ્પર્ધા ગુજરાતી અથવા હિન્દી ભાષામાં રહેશે.
- દરેક વિભાગ માટે સ્પર્ધાનો વિષય નક્કી કરી ૨૪ કલાક પહેલા જાહેર કરવાનો રહેશે.
- સ્પર્ધાનો સમય ૫ મિનીટનો રહેશે.
- નિર્ણાયકશ્રીનો નિર્ણય, વસ્તુ વિચાર, રજૂઆત-છટા, ભાષા-ઉચ્ચાર અને સમગ્ર અસર ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

(૨) નિબંધ લેખન :-

- સ્પર્ધા ગુજરાતી અથવા હિન્દી ભાષામાં રહેશે.
- સ્પર્ધાનો સમય ૪૦ મિનીટનો રહેશે.
- નિબંધનો વિષય સ્પર્ધા સમયે જાહેર કરવામાં આવશે.
- સ્પર્ધામાં હરીફને ગુજરાતી તેમજ હિન્દી એમ બન્ને ભાષાઓમાંથી ગમે તે એક ભાષામાં ભાગ લેવાની છૂટ આપવામાં આવશે.
- નિબંધમાં વિચાર, વસ્તુની ચર્ચા ઉપરાંત ભાષા, તેની શુધ્ધતા, વિચારો, લખાણની શૈલી અને હસ્તાક્ષર વગેરે બાબતો તેના મૂલ્યાંકન વખતે ધ્યાનમાં રાખવામાં આવશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

(3) ચિત્રકલા:-

- તત્કાલ ચિત્ર સ્પર્ધા યોજાશે. એટલે કે ચિત્રકામ સ્થળ ઉપર જ કરવાનું રહેશે.
- સ્પર્ધાનો સમય ૧૨૦ મિનીટનો રહેશે.
- ચિત્રકલાની સ્પર્ધા માટે, ડ્રોઇંગના કાગળો સ્પર્ધાના આયોજકો તરફથી આપવાના રહેશે. અન્ય સાધન સામગ્રી સ્પર્ધામાં ભાગ લેનાર કલાકારે પોતે લાવવાની રહેશે.
- સ્પર્ધા માટે ડ્રોઇંગ પેપર ૧૬"X ૨૪" અથવા ૨૪"X 30" નો અનૂકુળતા પ્રમાણેનો આપવો.
- નિર્ણયનો આધાર કમ્પોઝીશન, કલર સ્કીમ, ટેકનીક, વસ્તુલક્ષી નિરુપણ, ડ્રોઇંગ અને આકારમાં સપ્રમાણતા વગેરે ઉપર રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં..